અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની ભારત મુલાકાત

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના આમંત્રણ પર, અમેરિકાના વિદેશ મંત્રી શ્રી માર્કો રુબિયોએ 20–21 ઑક્ટોબર 2026 દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી. વિદેશ મંત્રી શ્રી માર્કો રુબિયોની આ ભારતની બીજી મુલાકાત હતી. તેઓ આ પહેલાં મે 2026માં નવી દિલ્હીની મુલાકાતે આવ્યા હતા.

2. મુંબઈની મુલાકાત દરમિયાન, બંને પક્ષોએ ભારત-અમેરિકા સંબંધોના સમગ્ર વ્યાપની સમીક્ષા કરી અને વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના ઉપાયો અંગે ચર્ચા કરી.

3. બંને પક્ષોએ વેપાર, સંરક્ષણ, તકનીક અને ઊર્જા સુરક્ષા સહિતનાં વિવિધ ક્ષેત્રો પર વિસ્તૃત ચર્ચા કરી હતી અને પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને પક્ષોએ ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (બીટીએ)ની વાટાઘાટોમાં થયેલી પ્રગતિને આવકારી હતી અને આ કરારને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા માટે સાથે મળીને પ્રયાસો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને પક્ષોએ પ્રાદેશિક અને વૈશ્વિક ઘટમાળ અંગે પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે અમેરિકાના રાજદૂત દ્વારા આયોજિત યુએસ ફ્રીડમ 250 સ્વાગત સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે પણ હાજરી આપી હતી.

5. આ મુલાકાત બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની સતત જળવાઇ રહેલી ગતિને પ્રતિબિંબિત કરે છે અને 21મી સદી માટેની ભારત-યુએસ કોમ્પેક્ટ પહેલને વધુ આગળ વધારવા માટે બંને પક્ષો કેટલું મહત્ત્વ આપે છે તે દર્શાવે છે.

મુંબઇ

20 ઑક્ટોબર, 2026